# ભિલોડા તાલુકાના ધનસોર ગામના સુરક્ષા કમાન્ડોનું ગાંધીનગર ખાતે હાર્ટ એટેકથી મૃત્યુ

ભિલોડા,તા.૬
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધનસોર ગામના



સુરક્ષા કમાન્ડોનું ગાંધીનગર ખાતે સેક્ટર-૨૧ માં સરકારી આવાસમાં રહેતા સુરક્ષા કમાન્ડોનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. રાજ્ય સરકાર મંત્રી,વન અને આદિજાતી વિકાસ,અરવલ્લી જીલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ પાટકરના સુરક્ષા કમાન્ડો તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ સાંજાજી બરંડા, આશરે ઉંમર વર્ષ-૪૦ નું હાર્ટ એટેકથી તા.૪/૪/૨૦૧૮ ને બુધવારના રોજ મોત નિપજતાં માદરે વતન ધનસોર ગામમાં ગાર્ડ ઓફ ઓનર, સલામી આપી અગ્નીસંસ્કાર કરાયા હતા.

ધનસોર ગામના રહેવાસી ગાંધીનગર સુરક્ષા શાખામાં અને મંત્રી સુરક્ષા કમાન્ડો તરીકે ગાંધીનગરમાં ફરજ બજાવતા દિનેશભાઈ સાંજાજી બરંડાને છાતીમાં એકાએક દુ:ખાવો ઉપડતાં તાત્કાલીક ધોરણે



સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ ડૉક્ટરએ મૃત જાહેર કર્યા હતા. ધનસોર ગામમાં માદરે વતનામાં મંત્રીના સુરક્ષા કમાન્ડોનો મૃતદેહ લવાયો હતો. સુરક્ષા કમાન્ડો,પોલીસ ધ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી,સાલામી આપી અગ્નીસંસ્કાર કરાયા હતા.

ધનસોર ગામના સુરક્ષા કમાન્ડોનો મૃતદેહ માદરે વતન લાવ્યા હતા ત્યારે ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.સુરક્ષા કમાન્ડોની અંતીમ સંસ્કાર વિધિમાં રાજ્ય સરકાર મંત્રી રમણલાલ પાટકર, જીલ્લા પોલીસ વડા કે. એન. ડામોર, પી.એસ.આઈ. એમ.આર.સંગાડા, ટી.ડી.ઓ. કે.કે.ચૌધરી, જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, પી.સી.બરંડા, રસીકાબોન ખરાડી, સુકાજી માલવીયા, કમજીભાઈ બરંડા, બાંકિમચંદ્ર તબીયાર, હસમુખભાઈ બરંડા, ગુણવંતભાઈ ત્રિવેદી, એન.કે. કલાસવા, ગજાનંદભાઈ પ્રજાપતી, રાજેશભાઈ નિનામા, કીરીટભાઈ ખરાડી, બરંડા પરીવાર, રાજકીય આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સુરક્ષા કમાન્ડોના પરીવાજનોને સાંત્વના, હુફ આપી હતી.

## પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી

પ્રાંતિજ, તા. ૬
ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભાજપ દ્વારા રેલી યોજી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. છઠ્ઠી એપ્રિલ ૧૯૮૦ સ્થાપના દિવસને લઈને ભાજપ દ્વારા ઠેરઠેર સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્થાપન દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ સોનીવાડા નાકા પાસે ભારત માતાના ફોટાને ફુલહાર પહેરાવીને ત્યાંથી રેલી નિકળી હતી. રેલી ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ મહાકાલી મંદિર ખાતે પહોચી હતી. પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, નગરપાલિકા કોર્પોરેટરો દિપકભાઈ કડીયા, ધવલભાઈ રાવલ, રાજેશભાઈ ટેકવાણી, નટવરસિંહ, રીટાબેન સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. ભાજપ શહેર મહામંત્રી નિકુંજ રામી સહિત ભાજપ કાર્યકરો આગેવાનો સહિત ભાજપ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોડાસા બાયપાસ રોડ નજીક હિટ એન્ડ રનની ઘટના : બે’ના મોત

### ભિલોડાના ચીભડીયાટા વણઝારા પરિવારના બે યુવાન પિતરાઈ ભાઈની બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતા મોત

મોડાસા, તા. ૬
અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરનો બાયપાસ રોડ વાહનચાલકો અને રાહદારીઓ માટે ગોઝારો હોય તેમ છાસવારે અકસ્માતની ઘટનાઓમાં લોકોના મોત નિપજવાની કિસ્સાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. મોડાસા બાયપાસ રોડ સહયોગ ચોકડી નજીક આવેલા પશુ દવાખાના નજીકથી પસાર થતા બે યુવાન પિતરાઈ ભાઈની બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતા એક યુવાનનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું અને અન્ય યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. અક્સમાતના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે બંને મૃતક યુવાનની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભિલોડા તાલુકાના ચીભડીયાટા ગામના વણઝારા પરિવારના બંને પિતરાઈ ભાઈ કામકાજ અર્થે મોડાસા નજીકથી પસાર થતા હતા ત્યારે અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતા કમકમાટીભર્યું મોત નીપજતા



ભારે શોકની લાગણી છવાઈ હતી. ચીભડીયાટા ગામના નગીનભાઈ ફતાભાઈ વણઝારા (ઉં.વ.૨૦) અને બળવંત ભાઈ રત્નાભાઈ વણઝારા (ઉં.વ.૨૫) બંને બાઈક (ગાડી.નં.જીજે. ૦૯.પીએન. ૧૮૪૫) લઈને મોડાસા કામકાજ અર્થે બાયપાસ રોડ પરથી ગુરુવારે સાંજના સુમારે પસાર થતા હતા ત્યારે પાછળથી અજાણ્યા વાહનચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બંને યુવાનો રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા નગીનભાઈ નું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જયારે બળવંતભાઈ તરફડીયા ખાતા ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા અકસમાતના પગલે દોડી આવેલા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. મોડાસા ટાઉન પોલીસે રત્નાભાઈ ગોરધનભાઈ વણઝારા (રહે, ચીભડીયાટા)ની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસમાતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ભાજપનો સ્થાપના દિવસ ઉજવાયો

આજે ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૧૮ના રોજ સમગ્ર દેશ અને રાજયમાં ભાજપ સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આજરોજ અરવલ્લી જિલ્લામાં



પણ તમામ તાલુકા-બે શહેરોને આવરી લઈ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ અને જિલ્લા ટીમ અને કાર્યકરો દ્વારા જિલ્લાના શક્તિકેન્દ્રો અને ૧૦૩૯ બુથો ઉપર યાત્રા યોજીને ભાજપના સ્થાપના દિવસની ઉમંગે ઉજવણી કરવામાં આવી હતી. જપના સ્થાપના દિવસની ઉજવણી ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં મોડાસા, ભિલોડા, બાયડ, ધનસુરા, માલપુર અને મેઘરજ એમ ૬ તાલુકાઓ અને મોડાસા અને બાયડ શહેરના બુથો ઉપર પણ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં થઈને ૧૦૩૯ બુથોને આવરી લેવામાં આવ્યા હતા. કાર્યકર્તાઓએ આજે પોતાના ઘર ઉપર ભાજપના ધ્વજ લહેરાવી ઉત્સાહભેર અનેરા માહોલમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકરોએ પિતાના ગામ, બુથ અને શક્તિકેન્દ્રો ઉપર અનેરા ઉત્સાહથી ઉજવણી કરી હતી.

# મોડાસામાં ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમે દૂધના સેમ્પલ લેવા છાપા મારતા વેપારીઓમાં દોડધામ

### ગાંધીનગરથી આદેશ છૂટતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તવાઈ બોલાવી

મોડાસા, તા. ૬
દૂધને સંપૂર્ણ આહાર માનવામાં આવે છે લોકો સવારની ચાથી માંડીને રાત્રે સુતી વખતે દૂધ ઉપયોગ લેતા હોય છે. શિયાળા અને ચોમાસામાં દૂધની આવક વિપુલ માત્રામાં થતી હોય છે પરંતુ ઉનાળામાં દૂધની અછત વર્તાતી હોવાથી નકલી દૂધ માફિયાઓ મેદાનમાં આવી જાય છે અને અસલી દૂધના રૂપિયા લઈ નકલી દૂધનો વેપાર કરી લોકોના પેટમાં દૂધ નહીં પણ ઝેર પધરાવી રહ્યા છે. ગુજરાતમાં દરરોજ વેંચાતા દૂધના કુલ જથ્થા પૈકી ૩૦ ટકા જથ્થો નકલી દૂધનો હોય છે. દૂધ માફિયાઓ યુરિયા, ડિર્ટજન્ટ પાઉડર, શેમ્પુ, પામોલિન તેલ, મમરાના ઉપયોગથી નકલી દૂધ બનાવી બેફામ લોકોના આરોગ્ય સાથે રીતસરના ચેડાં કરતા હોવાથી અરવલ્લી જિલ્લામાં પણ નકલી દૂધ વેચાતું હોવાની સંભાવના જણાતા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓની ટીમ મોડાસામાં ઉતરી પડી દૂધની ડેરીઓ અને મીઠાઈ અને આઈસ્ક્રીમ પાર્લરો પર દરોડા પાડી દૂધના નમૂના




લેવાની કામગીરી હાથ ધરાતા વેપારીઓમાં દોડધામ મચી હતી. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ ઓફિસમાં કર્મચારીઓમાં ઘટના પગલે વેપારીઓ બેફામ બનાવની સાથે પ્રજાજનોના આરોગ્ય સાથે રમત રમી રહ્યા છે.

મોડાસા શહેરમાં શુક્રવારે સવારે ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમ ગાંધીનગરથી સૂચના મળતાની સાથે દૂધ વેંચતા પાર્લરો, ખાનગી ડેરીઓ અને દૂધ બનાવટની ચીજ વસ્તુઓ વેંચતા વેપારીઓના ત્યાં કહેવાતા અચાનક દરોડા પાડતા અને સેમ્પલ લેવાની કાર્યવાહી હાથ ધરાતા દૂધ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં છૂટક દૂધનો વેપાર કરતા વેપારીઓ દૂધમાં મિલાવટ કરતા હોવાની અનેક વખતે બૂમો ઉઠવા છતાં નિંદ્રાધીન ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ અગમ્ય કારણોસર કાર્યવાહી કરવામાં પાછી પાની કરતી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ઉચ્ચ કચેરી કક્ષાએથી આદેશ થતાની સાથેજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની સતર્કતા જોવા લાયક હતી અને દિવસભર મોડાસા શહેરમાં દોડાદોડી કરી દૂધ અને દૂધની બનાવટની ચીજ વસ્તુઓના સેમ્પલ લેવા મથામણ કરતા નજરે પડતાં હતા ત્યારે હવે જોવું રહ્યું કે મોડાસામાંથી લીધેલ સેમ્પલનું પરિણામ ક્યારે આવશે અને પરીક્ષણમાં ફેલ થનાર વેપારીઓ સામે કેવા પ્રકારના પગલાં ભરવામાં આવશે.



## ડીસામાં લોધા યુવક મંડળ દ્વારા ભાજપના સ્થાપના દિનની ઉજવણી

ગત રોજ દેશભરમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી ત્યારે બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યરત લોધા યુવક મંડળની ટીમે પણ શહેરના લોધાવાસ વિસ્તારમાં રેલી યોજી ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે સ્થાનિક યુવા અગ્રણી અરવિંદભાઈ લોધા, મુકેશભાઈ લોધા, ઉદયભાઈ લોધા તેમજ અન્ય કાર્યકરોએ સ્થાનિક રહીશોને ભાજપની વિચારસરણીથી માહિતગાર કર્યા હતા.

## ગુણોત્સવના પ્રથમ દિવસે ૮૬૧૫૧ વિદ્યાર્થીઓનું મૂલ્યાકંન કરાયું

સમગ્ર રાજ્ય વ્યાપી આરંભાયેલા દ્વિ-દિવસીય ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આજે ૬૯૫ શાળાઓના ૮૬૧૫૧ વિદ્યાર્થીઓનું મૂલ્યાકંન કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની ૬૯૫ શાળાઓમાં રાજયકક્ષાના ૫ આઇ.એ.એસ, ૩ આઇ.પી.એસ.આઇ.પી.એસ. અને એક આઇ.એફ.એસ સહિતના સનદીઓ અધિકારીઓ જયારે ૧૦ ઉપસચિવ અને નાયબ સચિવકક્ષાના અધિકારીઓ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી સુ.શ્રી સ્તુતિ ચારણે હિંમતનગરના બાવસર ગામે શાળાના બાળકોનું વાચન લેખન અને ગણનની ક્ષમતાનું મૂલ્યાકંન કર્યુ હતું.

### સંચાલન માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરીમાં વપરાયેલ મીની ટીપર જે બંધ હાલતમાં છે તેવી ૪૩ ગાડીઓ માટે એજન્સીને પ્રતિ ગાડી રૂ. એક હજારનો દંડ કરી અને આ ગાડીઓ કન્ડમ કરવાની કામગીરી હાથ પર લેવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

આ બેઠકમાં મનપામાં અધિકારીની ભરતી-બઢતીના નિયમો રજુ કરી અને તે મંજૂર કરી સામાન્ય સભાની મંજૂરી માટે મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ફાયરબ્રિગેડ માટે રૂ. ૧૦ કરોડના આધુનિક સાધનો ખરીદવા ઉપરાંત ફાયર સ્ટેશનના આધુનિકરણ સાથે મનપાની કચેરી બનાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. બેઠકમાં પશુધન માટે લીલુ-સુકુ ઘાસ ખરીદવા ઉપરાંત રૂ. ૧.૭૫ કરોડના સરિતાઉદ્યાનમાં થયેલ એક્સેલ કામગીરીના બિલોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

### સૂરસૂરીયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજારની દરખાસ્ત કરી હતી. જયારે આ દરખાસ્ત સામે ફી નિર્ધારણ સમિતિએ ૩૬ હજાર અને ૩૮ હજાર ૪૦૦ ફી નિયત કરી છે. જયારે પીનાકલ પબ્લિક સ્કુલને અનુલક્ષી પ્રિ પ્રાયમરી વિભાગ માટે ૪૨ હજારની ફી માટે દરખાસ્ત કરી હતી જેની સામે કમિટી કક્ષાએથી ૩૩૬૦૦ ફી નક્કી કરવામાં આવી છે. જયારે પ્રાથમિકમાં ૬૦ હજારની દરખાસ્ત સામે ૪૫ હજાર અને ઉચ્ચતર પ્રાથમિકમાં ૬૬ હજારની સામે ૪૯૫૦૦ અને માધ્યમિકમાં ૭૨ હજારની સામે ૫૪ હજાર ફી ને મંજુરી આપી છે. આ ઉપરાંત રાંધેજામાં સ્થિત બી એ પી એસ સ્વામિનારાયણ સંસ્થાના વિદ્યામંદિર કક્ષાએથી રજુ કરાયેલી દરખાસ્તમાં કમિટી કક્ષાએથી ઘટાડો કરી ધોરણ -૪ થી ૬ માટે ૧૯૨૦૦ અને ધરોણ -૭ અને ૮ માટે ૨૦ હજારની ફી નિયત કરવામાં આવી છે. જયારે માધ્યમિક માટે ૨૫ હજારની ફી નિયત કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહ માટે ૪૦ હજારની ફી નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત સાંતેજની રેડબ્રિકસ ઇંગ્લીશ મિડીયમ શાળાની દરખાસ્ત અન્વયે પણ ફી ના ધોરાધોરણમાં ઘટાડો કરી કમિટીએ પ્રિ પ્રાયમરીના ૪૨૪૫૦ પ્રાથમિક વિભાગના ૪૩૮૦૦ ઉચ્ચતર પ્રાથમિકના ૪૫૫૨૫ અને માધ્યમિકના ૪૯૨૭૫ ફી નિર્ધારિત કરવામાં આવી છે. દહેગામ ઈન્ટરનેશનલ સ્કુલની પ્રિ પ્રાયમરીની ૧૪ હજાર ઉપરાંત ઉચ્ચતર પ્રાથમિક વિભાગની ૨૧ હજાર ફી નકકી કરવામાં આવી છે. જિલ્લાની ૬ શાળાઓની કમિટીએ ફી નક્કી કરી છે. આગામી દિવસોમાં દરખાસ્ત હેઠળની અન્ય શાળાઓને અનુલક્ષીને પણ ફી નિયત કરવામાં આવશે.

### બેઠક મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબતે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

બેઠકમાં પીવાના પાણીના કામોમાં જેમ આદિવાસી વિસ્તારમાં સરકાર લોકફાળાની રકમનો ખર્ચ ઉપાડે છે તેવા સંજોગોમાં બક્ષીપંચની સૌથી વધુ વસ્તી ધરાવતા ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં સરકાર ઉઠાવે અથવા ચૂંટાયેલા સભ્યોની ગ્રાન્ટમાંથી તે રકમની ભરપાઈ કરવાની મંજૂરી આપવામાં આવે તેવી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રજુઆત કરી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલ અને જિલ્લા કલેક્ટર સતીષ પટેલ સહિતના અધિકારીઓ અને ચૂંટાયેલા સભ્યો હાજર રહ્યા હતા.

### એકરાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી લેતા નથી. નર્મદામાં ૫૫ એમ.એલ.ડી. પાણી જીઈબી અને ઔદ્યોગિક એકમોને અપાય છે. શહેર માટે ૪૫ એમ.એલ.ડી. પાણી તેમજ વધારાનું પાણી સંતસરોવર અને વિવિધ સેક્ટરોના બોરોમાંથી એકત્રિત કરી પુરૂ પાડવામાં આવી રહ્યુ છે. આજની પાણી સમિતિની બેઠક પહેલાં પ્રભારીમંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં પાણીની કોઈ ગંભીર સમસ્યા નથી. તેમણે કહ્યુ કે ૨૦૦ કરોડના વિવિધ કામો પૂર્ણતાને આરે છે. ઉનાળામાં ખેડૂતોને વાવેતર નહિ કરવા માટે અપીલ કરાઈ છે. તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે જિલ્લામાં હાલ કોઈ ગામમાં તકલીફ નથી. દર સપ્તાહે જિલ્લામાં જિલ્લાકક્ષાએ સ્થિતિની સમીક્ષા કરવામાં આવે જ છે. પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર તાલુકાના ૭૦ ગામો, દહેગામ-૯૨ ગામો, માણસાના- ૬૨ ગામો અને કલોલ તાલુકાના ૬૭ ગામો મળી કુલ- ૨૯૧ ગામો અને ચાર શહેરોને નર્મદાનું પાણી આપવા માટે વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. જે પૈકી ગાંધીનગર જિલ્લામાં કુલ-૧૬૬ ગામોને જૂથ યોજના દ્વારા તથા ૧૨૫ ગામોને વ્યક્તિગત પાઈપ લાઈન યોજના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે. આમા કુલ-૨૯૧ ગામોને ૪૫.૫૦ એમ.એલ.ડી પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે. જયારે ગાંધીનગર શહેરને ૪૫, દહેગામ શહેર- ૩, માણસા શહેર-૫ અને કલોલ શહેરને - ૧૩.૫૦, પેથાપુર શહેરને - ૧.૫૦ એમ.એલ.ડી પાણી પુરવઠો નર્મદામાંથી આપવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લામાં ગાંધીનગરના ૬૮ ગામોમાં ૧૫૩ ટયુબ વેલ, દહેગામના ૯૩ ગામોમાં ૨૦૦, માણસાના ૬૭ ગામોમાં ૧૦૦, કલોલના ૬૯ ગામોમાં ૧૧૫ મળી કુલ- ૨૯૭ ગામોમાં ૫૬૮ જેટલા કાર્યરત બોર દ્વારા પાણી આપવામાં આવે છે. આમ વિવિધ જૂથ યોજનાઓ દ્વારા નર્મદા મેઈન કેનાલ તેમજ સ્થાનિક બોરવેલના સોર્સ દ્વારા ગાંધીનગર જિલ્લાના ગામોને પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં જુલાઈ માસ સુધી પીવાના પાણીના પ્રશ્નો અંગે કોઈ સમસ્યા સર્જાય નહિ તે માટે રાજય સરકારે અગ્રતાના ધોરણે આયોજન કર્યું છે. પાણીના રૂ. ૨૦૦ કરોડના વિવિધ વિકાસ કામો પૂર્ણતાના આરે છે.

આ બેઠકમાં ધારાસભ્ય સર્વ શંભુજી ઠાકોર, સી.જે. ચાવડા, બલરાજસિંહ ચૌહાણ અને સુરેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા સહિત પાણી પુરવઠાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ફાઈવ સ્ટાર હોટલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશમાંથી આવતા મહાનુભાવોને પણ આ અદ્યતન હોટલમાં રોકાણ અપાશે. રેલેવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાણીએ આજે કરેલી મહત્વની જાહેરાત દરમિયાન અમદાવાદ સ્ટેશનના મેકઓવર માટે પણ ટુંકમાં ગતિવિધિઓ આરંભી દેવાશે તેમ પણ જણાંવ્યુ હતુ.

### લાભ ન મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેરાની વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે આ સમયગાળા દરમિયાન વેરા વસુલાત અન્વયે રહીશોને વળતરનો લાભ પણ અપાયો હતો. પરંતુ ૩૧ મી માર્ચ સુધીમાં વેરો ન ચુકવાયો હોય તેવા કિસ્સામાં વળતરનો લાભ અપાતો ન હોવાથી હાલ તંત્રની કચેરીએ વેરો ચુકવવા આવતા નાગરિકોમાં રોષ જોવા મળી રહયો છે. નિયત સમયના અંતે વેરામાં વળતર અપાતુ ન હોવાની જાહેરાત તંત્ર દ્વારા કરવામાં આવી છે. પરંતુ સેકટરોમાં ઘણાં ઠેકાણે સમયસર બીલ ન મળ્યા હોવાના લીધે રહીશો વળતરનો લાભ લઈ શકયા ન હોવાનો રોષ પણ ઠાલવી રહયા છે. રહીશોને પાણી ગટર વેરાનુ બીલ ઘરે ન મળતા તંત્રની કચેરીએ ધક્કા ખાતા જોડાણકર્તાઓને વળતર ન મળ્યુ હોવાનો રોષ પણ આજે તેમણે ઠાલવ્યો હતો. શહેરમાં પાણી ગટર વેરાની ઝુંબેશ અન્વયે પ્રતિવર્ષ વસુલાતનો આંકડો નબળો હોવાનુ પણ સ્પષ્ટ થાય છે. આવા સંજોગોમાં વર્ષ દરમિયાન નગરમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પણ સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ ઉઠાવો પડે છે. ત્યારે પાણી ગટર વેરા વસુલાતને અસરકારક બનાવવા માટે પણ કાંઈ વિશેષ થઈ શકયુ નથી. તંત્રના ચોપડે વર્ષો જુના બાકી ઉઘરાણાનો આંકડો પણ મોટો છે. ત્યારે બિલ વિતરણની વ્યવસ્થા પણ યોગ્ય રીતે ન જળવાતા રહીશોમાં ફરિયાદ ઉઠવા પામી છે.

### સાંસદોનું રાજીનામુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેકઅપ કરવામાં આવ્યો હતો. સાંસદ મુત્તમશેટ્ટી રાવને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બજેટ સત્રના બીજા તબક્કામાં અત્યાર સુધી ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસે રાજ્યને વિશેષ દરજ્જો મળવાની માગણી વિશે પ્રદર્શન કર્યા હતા. નીરવ મોદી, બેંક કૌભાંડ, એસએસસી પરીક્ષા, સીબીએસઈ પેપર લીક, ફેસબુક ડેટા ચોરી, અવિશ્વાસ પ્રસ્તાવ, કાવેરી જળ વિવાદ વિશે પણ સંસદમાં ખૂબ હોબાળો થયો હતો.

આંધ્રને વિશેષ રાજ્યનો દરજ્જો ન આપવાથી નારાજ ટીડીપીએ માર્ચમાં એનડીએ સાથેનું તેનું ગઠબંધન તોડી દીધું છે. તેણે સરકાર સામે વચન ન નિભાવ્યું હોવાનો આરોપ લગાવ્યો છે. ટીડીપીએ ૧૯ માર્ચે સંસદમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની અરજી લાવવાની નોટિસ પણ આપી હતી. જોકે સંસદમા સતત હોબાળાના કારણે આ વિશે ચર્ચા થઈ શકી નબહતી.

### ધમાકેદાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રીજી વખત આ ટ્રોફી જીતી લીધી હતી. તે તાજ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આવતીકાલે પ્રથમ મેચમાં જ મુંબઈ ઈન્ડિયન અને ચેન્નાઈ સુપર વચ્ચે જંગ ખેલાશે. જેમાં રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની સામ સામે આવશે.અન્ય ટીમો પણ જોરદાર દેખાવ કરવા તૈયાર છે. ખાસ કરીને ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આઈપીએલ-૧૧ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આગામી સપ્તાહો સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે.

### એક થયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધી નથી. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, સરકાર કોઈપણ મુદ્દા ઉપર કોઈપણ સમયે વાતચીત માટે તૈયાર છે. જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં સેનાની છાવણી પર કરવામાં આવેલા હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક પર કેન્દ્ર સરકારની પ્રસંશા કરતા તેમણે કહ્યું હતું કે, ભારત ત્રાસવાદી હુમલાનો બદલો લઈ રહ્યો છે. મોદીની લીડરશીપમાં ઈઝરાયેલ અને અમેરિકા બાદ આતંકવાદનો જવાબ આપનાર ભારત હવે ત્રીજા દેશ તરીકે છે. એસસી અને એસટી એક્ટને લઈને રાહુલ ગાંધીના આક્ષેપો ઉપર અમિત શાહે કહ્યું હુતં કે, રાહુલ ગાંધી ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. રાહુલ કહી રહ્યા છીએ કે મોદી સરકારે એસસી અને એસટી એક્ટને દૂર કરી દીધા છે. શાહે ખાતરી આપતા કહ્યું હતું કે, કોઈ એક્ટને દૂર કરવામાં આવ્યા નથી. મોદી સરકાર અનામતને લઈને ખુબ જ ગંભીર છે. અનામતને દૂર કરવાની કોઈ જોગવાઈ નથી.

અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, ઓરિસ્સા અને બંગાળમાં શાનદાર જીત મળ્યા બાદ જ અમારા માટે સુવર્ણ યુગની શરૂઆત ગણાશે. બંને રાજ્યોમાં ફરીથી જીત મેળવીને લોકોમાં આત્મવિશ્વાસ જગાવવામાં આવશે. કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવીશું.

### બ્રિટન

● અનુસંધાન પહેલાનું ચાલુ

‘ઉપજાવી કાઢેલી વાર્તા‘ બનાવવાનો આરોપ લગાવ્યો છે. રશિયાએ બ્રિટનને ચેતવણી આપી છે કે આ મામલે તેઓએ માફી માંગવી પડશે. ક્રેમલિને કહ્યું કે, ‘એક્સ જાસૂસને ઝેર આપવાના મુદ્દે બ્રિટન આગ સાથે રમી રહ્યું છે.‘

સ્ક્રિપલને ઝેર આપ્યા બાદ બંને દેશો વચ્ચે શરૂ થયેલા તણાવ મુદ્દે વાતચીત માટે આ બેઠક રશિયાએ બોલાવી હતી. રશિયાનું કહેવું છે કે, બ્રિટનને કેટલાંક ગેરકાયદેસર સવાલોના જવાબ આપવાના છે. આ બેઠકમાં રશિયાના એમ્બેસેડર વેસિલી નેબન્જાએ કહ્યું કે, બ્રિટનનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયા પર ‘પાયાવિહોણા આરોપ લગાવીને તેને બદનામ કરવાનો છે. ‘નેબન્જાએ કહ્યું કે, બ્રિટન સાબિતીઓ વગર જ ખતરનાક આરોપો લગાવી રહ્યું છે અને રશિયા વિરૂદ્ધ ‘પ્રોપગેન્ડા વૉર‘ ચલાવી રહ્યું છે. તેઓએ કહ્યું કે, હુમલા માટે જે નોવિચોક નર્વ એજન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો તે માત્ર રશિયા પાસે નથી. આ નામ માત્ર રશિયન છે પરંતુ તેને અનેક દેશે બનાવ્યું છે. આ કોઈ નાટકની જેમ લાગી રહ્યું છે, શું તમારી પાસે કહેવા માટે વધુ સારી ખોટી વાર્તા નથી?

વેસિલી નેબન્જાએ કહ્યું કે, રશિયા કોઈ વ્યક્તિને સાર્વજનિક સ્થળે મારવાની કોશિશ શા માટે કરે? તેઓએ કહ્યું કે, કોઈને મારવા માટે નર્વ એજન્ટના બદલે સેંકડો રીત છે, જે બ્રિટિશ ટેલિવિઝન સીરિઝ ‘મિડસમર મર્ડર‘માં દર્શાવવામાં આવે છે. બ્રિટનનું કહેવું છે કે, ભૂતપૂર્વ રશિયન જાસૂસ સર્ગેઇ સ્ક્રિપલ અને તેની દીકરી યૂલિયાને ઝેર આપવા માટે રશિયા જવાબદાર છે. જ્યારે રશિયા તેના પર લગાવવામાં આવેલા આરોપોનો ઈકાર કરી રહ્યું છે.